આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ.

વંચાણે લીધોઃ- સેકશન અધિકારી,કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પરિપત્ર ક્રમાંક-પરચ/ ૧૩૨૦૧૭/૮૫૮/મ.૩, તા.૧૪/૯/૧૭

# - પ રિ પ ત્ર-

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા **The Right of persons with disabilities Act.2016** મંજુર કરવામાં આવતા કેન્દ્ર સરકારના જાહેરનામાંથી તા.૧૯/૪/૨૦૧૭થી અમલમાં આવેલ છે.તેના અનુસંધાનમાં ગુજરાત સરકારના જુદા જુદા વિભાગોમાં અમલી કરણ કરવા બાબતે સુચના મળતા ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્રથી આણંદ કૃષિ યુનિવર્સિટીએ અમલ કરવાનો થાય છે. (જે આ સાથે સામેલ છે) તેમાં ક્રમ-૧ થી ૧૪ થી સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તેમજ પરિપત્રના મુદા.નં.૧૩માં સુચવ્યા મુજબ અધિનિયમની કલમ ૨૩(૧)ની જોગવાઇ મુજબ **Grievance Redressal Officer** તરીકે મદદનીશ કુલસચિવ(વહીવટ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ની નિમણુંક કરવામાં આવેલ છે.(હુકમની નકલ સામેલ) છે. તેનો ચુસ્તપણે અમલ કરવા વિનંતી.

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/ ૬૧૦ /૨૦૧૯

તા. ૨૦/૦૫/૨૦૧૭.

નકલ સવિનય રવાનાઃ-

(૧) સેકશન અધિકારીશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) તમામ યુનિટ અધિકારી/ સબ યુનિટ અધિકારી(પેટા કેન્દ્રો સહિત) આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

(૨) નિયામકશ્રી, ઈન્ફર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ. આણંદ તરફ યુનિવર્સિટીની વેબસાઇટના મુખ પૃષ્ઠ ઉપર **The Right of persons with disabilities Act.2016** પ્રદર્શિત કરવા વિનંતી.

(3) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

The Right of persons with disabilities Act, 2016 હેઠળ દિવ્યાંગોને અધિકારો આપવા બાબત

ગુજરાત સરકાર
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
પરિપત્ર ક્રમાંક- પરચ/૧૩૨૦૧૭/૮૫૮/મ-૩
સચિવાલય,ગાંધીનગર
તા.૧૪/૦૯/૨૦૧૭.

Office of the Registrar
A.A.U., ANAND.
22 SEP 2017
INWARD NO. 10222

વંચાણે લીધાઃ-

The Right of persons with disabilities Act, 2016

પ્રસ્તાવના:-

ભારત સરકાર દ્વારા The Right of persons with disabilities Act,2016 મંજુર કરવામાં આવેલ છે.જેનો અમલ કેન્દ્ર સરકારના જાહેરનામાથી તા.૧૯/૪/૨૦૧૭થી અમલમાં આવેલ છે. જે સંબંધમાં દિવ્યાંગોને અધિકારો આપવામાં આવેલ છે. જે બાબતમાં રાજ્ય સરકારના સંબંધિત વિભાગ તરીકે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે અધિનિયમની સંબંધિત જોગવાઈઓ પરત્વે સચિવાલયના તમામ વિભાગોને કાર્યવાહી કરવા જણાવેલ છે.

પરિપત્ર:-

The Right of persons with disabilities Act,2016 ની કલમ : ૩, ૪, ૫, ૬, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯(૧), ૧૯(૨), ૨૩, ૨૪, ૩૩, ૩૭, ૩૭(બી), ૩૯, ૪૩, ૪૫, ૪૭, ૪૭(૧)(એ), ૪૭(૧)(બી), ૪૮, ધ્યાને લેતા દરેક દિવ્યાંગના અધિકારોની અધિનિયમની જોગવાઈઓની મર્યાદામાં જાળવણી કરી શકાય તે માટે નીચે મુજબ સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) દિવ્યાંગોના અધિકારોની જાળવણી કરવામાં આવે, તેમનામાં સમાનતા રાખવામાં આવે તેમજ તેમની ગરીમાને આદર આપવામાં આવે તે જોવા જણાવવામાં આવે છે.

(૨) દિવ્યાંગ વ્યક્તિ પ્રત્યે કોઈ ભેદભાવ કરવામાં ન આવે તેમજ સરકારી પ્રક્રિયામાં અને કામકાજમાં કોઈ ભેદભાવ રાખવામાં ન આવે તેમજ તેમને મદદ થવા સક્રિય પગલાં ભરવામાં આવે તે જોવાં વિનંતી છે.

(૩) દિવ્યાંગોની સાથે સામાન્ય વ્યક્તિની જેમજ વાણી, વર્તન અને વ્યવહારમાં સમાન ધોરણે વ્યવહાર કરવામાં આવે તે જોવા પણ જણાવવામાં આવે છે.

(૪) દિવ્યાંગ વ્યક્તિને સંસ્થા કે કચેરીમાં દાખલ થવાનું હોય તો તેઓને કોઈ અગવડ ન થાય તે માટે જરૂરી સુવિધા પુરી પાડવામાં આવે દા.ત.:-રેમ્પ બનાવવા જે યોગ્ય ઢાળવાળો બનાવવો, અવર-જવર, હેરફેર

વિગેરેની અડચણો દૂર કરવી, બેસવાની ખુરશી તથા બેંચની વ્યવસ્થા વ્યવસ્થિત કરવી, સંડાસ-બાથરૂમ તેઓના માટે સુવિધાજનક બનાવવા સહિતની સરળ અને સુવિધાજનક પુરી પાડવા જણાવવામાં આવે છે. આ અંગે એક્શન પ્લાન તૈયાર કરવો અને સર્વે કરવો, બજેટમાં જોગવાઇ, અમલીકરણ વિગેરે ચોક્કસ કામગીરી નિશ્ચિત સમયમર્યાદામાં પૂર્ણ કરવી.

(૫) દિવ્યાંગ વ્યક્તિઓ પ્રત્યે કોઇ અપશબ્દો બોલવામાં ન આવે, તિરસ્કાર કરવામાં ન આવે, હિંસા કરવામાં ન આવે, તેમનું શોષણ ન થાય તેવી વ્યવસ્થા કરવાની થાય છે અને આ બાબતે એક ખાસ કમિટી પણ રચવાની રહેશે અને દિવ્યાંગ વ્યક્તિના પ્રશ્નો તેમા લઇ નિકાલ કરવાનો રહેશે.

(૬) દિવ્યાંગ વ્યક્તિઓ માટે બચાવ, મદદ, રક્ષણ, પુનઃસ્થાપન જેવી કામગીરી કરવાની થાય છે જેની કાળજી રાખવામાં આવે.

(૭) દિવ્યાંગ વ્યક્તિને ઘણીવાર જાણતાં- અજાણતાં કોઇ તિરસ્કાર કરે નહીં એને સમાન નજરે જોવામાં આવે અને તેમના પ્રત્યે સમાનતાની ભાવના કેળવાય તે માટે જાગૃતતા કેળવવી અને તે કાર્ય સતત કરવું.

(૮) જેઓ અંધ અથવા બહેરા / અંધ અને બહેરા બંને હોય તેઓ માટે યોગ્ય ભાષા, હાવભાવ ભરેલી લીપી વગેરે દ્વારા યોગ્ય સમાનતા આપવામાં આવે તે જોવું અને તેનો ઉપયોગ કરી શકે છે તે પણ કાળજીપૂર્વક નિરીક્ષણ કરવા વિનંતી છે.

(૯) દિવ્યાંગ વ્યક્તિ પરત્વે કરવામાં આવતા ત્રાસ,નિર્દયી,અમાનવિય અથવા નિમ્ન કક્ષાના વ્યવહારો સામે રક્ષણાત્મક પગલાં લેવાના રહેશે.

(૧૦) દિવ્યાંગોના દૂરઉપયોગ,હિંસા, તિરસ્કાર અને શોષણ માટે સંરક્ષણાત્મક પગલાં લેવા અને ન્યાયિક પ્રક્રિયામાં મદદરૂપ થવું અને લોકજાગૃતિ લાવવી.

(૧૧) વિકાસ કામો/ખાતા હસ્તકની વિકાસ યોજનાઓમાં અશક્તતા ધરાવતી વ્યક્તિઓને ૫% અનામત નીતિનો ચુસ્તપણે અમલ કરવો, તેમાં અશક્તતા ધરાવતી બહેનોને પ્રાથમિક્તા આપવાની રહેશે. તે માટે વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓએ પરિપત્ર કરીને સંબંધિતોને જરૂરી સુચના આપવાની રહેશે.

(૧૨) The Right of persons with disabilities Act,2016 માં જોગવાઇ મુજબના દિવ્યાંગને અને તે મુજબના પ્રમાણપત્ર ધરાવતા દિવ્યાંગને લાભ આપવાનો રહેશે. આ માટે કાયદાકીય જોગવાઇ વિભાગની પરિપત્રિત સૂચનાઓ બજેટની જોગવાઇ તથા વિવિધ મંજૂરીઓ મેળવવાની રહેશે. અને તે મુજબ અમલ કરવાનો રહેશે:

(૧૩) સદરહુ અધિનિયમની કલમ ૨૩(૧) ની જોગવાઇ મુજબ વિભાગ તેમજ વિભાગના તાબા હેઠળની તમામ કચેરીઓમાં Grievance Redressal Officer ની નિમણૂક કરવાની રહેશે અને તે અંગેની જાણ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ આ વિભાગને કરવાની રહેશે.

(૧૪) આ અંગેની વધુ વિગતો ઇન્ટરનેટ ઉપર " The Right of Persons with Disabilities Act, 2016 " ની web site ઉપરથી જાણી શકાશે.

The Right of persons with disabilities Act,2016 અનુસાર આ પરિપત્ર બહાર પાડવામાં આવે છે. છતા અમલવારી સંબંધી કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તે પ્રસંગે મૂળ કાયદામાં જે અર્થ કરવામાં આવ્યો હશે તે મુજબ અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી.વાઘેલા)
સેકશન અધિકારી
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, સેકટર-૧૦, ગાંધીનગર
(૪) પશુપાલન નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૫) બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

(૬) ખાંડ નિયામકશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક-૮,ગાંધીનગર

(૭) નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થ તંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૮) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ, બલરામ ભવન, સેક્ટર ૧૦- એ, ગાંધીનગર.

(૯) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બીજ નિગમ, સેક્ટર ૧૦- એ, ગાંધીનગર

(૧૦) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બીજ પ્રમાણન એજન્સી, શ્યામલ રો હાઉસ વિભાગ-૫, બસ સ્ટોપ નજીક, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

(૧૧) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, નાગરિક પુરવઠા નિગમ બિલ્ડીંગ,ગાંધીનગર

(૧૨) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વેર હાઉસિંગ કોર્પોરેશન, કર્મયોગી ભવનની સામે, સેક્ટર:૧૦-એ, ગાંધીનગર.

(૧૩) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિ. ઉદ્યોગ ભવન, ગાંધીનગર

(૧૪) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૫) કુલસચિવશ્રી, આણંદ/ નવસારી/ જૂનાગઢ/ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી / કામધેનૂ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.

(૧૬) સભ્ય સચિવશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ,કૃષિ ભવન,ગાંધીનગર.

(૧૭) સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર

(૧૮) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય સહકારી ટ્રીબ્યુનલ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ

(૧૯) મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર

(૨૦) ગુજરાત મત્સ્યોધ્યોગ કેન્દ્રિય સહકારી સંસ્થા લીમીટેડ, સાકાર-૭, એસ-૦૦૨ થી એસ-૦૦૪, બેઝમેન્ટ, નહેરૂબ્રીજના નાકે, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૯.

(૨૧) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨૨) વિભાગની સર્વે શાખાઓ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:-

- અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ.

વંચાણે લીધોઃ- સેકશન અધિકારી,કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પરિપત્ર ક્રમાંક-પરચ/ ૧૩૨૦૧૭/૮૫૮/મ.૩, તા.૧૪/૯/૧૭

-કા ર્યા લ ય આ દે શ-

ભારત સરકાર દ્વારા The Right of persons with disabilities Act.2016 મંજુર કરવામાં આવતા કેન્દ્ર સરકારના જાહેરનામાંથી તા.૧૯/૪/૨૦૧૭થી અમલમાં આવેલ છે.તેના અનુસંધાનમાં ગુજરાત સરકારના જુદા જુદા વિભાગોમાં અમલી કરણ કરવા બાબતે સુચના મળતા વંચાણે લીધેલ પરિપત્રથી આણંદ કૃષિ યુનિવર્સિટીએ અમલ કરવાનો થાય છે.

દિવ્યાંગ વ્યકિતના રક્ષણ, બચાવ, મદદ તેમજ કાળજી રાખવા તેમજ તેઓની જે કોઇ ફરીયાદ હોય તે સાંભળી નિકાલ લાવવા માટે વંચાણે લીધેલ પરિપત્રના મુદા.નં.૧૩માં સુચવ્યા મુજબ અધિનિયમની કલમ ૨૩(૧)ની જોગવાઇ મુજબ Grievance Redressal Officer તરીકે મદદનીશ કુલસચિવ(વહીવટ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ની નિમણુંક કરવામાં આવે છે.

પ્રસ્તૃત આદેશ માન.કુલપતિશ્રીએ ફાઇલ ઉપર આપેલ સંમતિ અનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજી/લીગલ/સીસી.ર/૭૫૬/૧૭

તા.૨૭/૧૦/૨૦૧૭.

નકલ સવિનય રવાનાઃ-

(૧) ઉપ સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર, ૫/૯, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.

(૨) સેકશન અધિકારીશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) તમામ યુનિટ અધિકારી/ સબ યુનિટ અધિકારી(પેટા કેન્દ્રો સહિત) આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

(૨) ડૉ. એમ.એમ. ત્રિવેદી, ઇ/ચા.મદદનીશ કુલસચિવ(વહીવટ), આ.કૃ.યુ. આણંદ.

(૨) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

(૩) અત્રેની કચેરીની તમામ શાખા તરફ જાણ સારૂ.